આ.નં - ૭૦૭૦
તા. ૮/૧/૨૦૧૮

ક્રમાંક:- બ/વપસ/૧૨/૮૭૪૭-૭૫/૨૦૧૭-૧૮
નાયબ વન સંરક્ષકની કચેરી ,
સામાજીક વનીકરણ વિભાગ, વન ભવન
ડી-માર્ટની સામે અડાજણ સુરત
તા.:- 03-0૧-૨૦૧૮

પરીપત્ર

વિષય:- કરૂણા અભિયાન – ૨૦૧૮ (૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી)
ઉતરાયણ પર્વ નિમિતે પતંગ દોરીથી ઘાયલ થતા પક્ષીઓને બચાવવા અંગે

૧. આમુખ:

ગુજરાત રાજ્યએ તેના વૈવિધ્યસભર તહેવારો, ઉત્સવો અને પર્વોથી દેશભરમાં સુવિખ્યાત છે. જેમાં ઉતરાયણના પર્વનું અનેરુ મહત્વ છે. રાજ્યમાં ઉતરાયણ પર્વની ઉજવણી મકરસંક્રાતિ ના અગાઉથી શરૂ થઇ જાય છે. અને અઠવાડીયાથી દશ દિવસ સુધી ખુબજ જોરશોરથી સતત ચાલુ રહે છે. રાજ્યમાં ઉતરાયણ ઉપરાંત વાસી ઉતરાયણની (૧૫ જાન્યુઆરી) ઉજવણી માં પ્રજાજનો મોટી સંખ્યામાં જોડાય છે.

ઉતરાયણનો તહેવાર માનવનો આનંદ અને ઉલ્લાસનો પ્રસંગ બને છે. પરંતુ સાથે સાથે પક્ષીઓ માટે ખતરારૂપ થાય છે. પતંગની દોરીથી પક્ષીઓ ઘાયલ તથા મૃત્યુ પામે છે. આ પ્રસગે અબોલ પક્ષીઓને ખત્રારૂપ ન થાય તે રીતે તહેવાર ઉજવવામાં આવે તે દિશામાં પ્રયત્નો થાય અંને તેમાં મહદ અંશે યુવા વર્ગ/વિદ્યાર્થીઓ સહભાગી થાય તે અંગે ખાસ તકેદારી રાખવા દરેક વિદ્યાર્થી ને આ સંદેશ મળે તે હેતુ છે.

૧) પક્ષીઓ પોતાના માળામાંથી મહદ અંશે સવારના ૬ થી ૯ દરમ્યાન બહાર નીકળી વિહાર ક્જરતા હોય છે. તથા સાંજના ૫ થી ૭ વાગ્યા દરમ્યાન પોતાના માળામાં પરત ફરતા હોય છે. ત આ સમય દરમ્યાન ખાસ પતંગ ન ઉડાડવામાં આવે તેવી સમજ વિદ્યાર્થીઓને આપવા વિનંતી .

૨) પતંગ ઉડાડવા દરમ્યાન ઘણી જગ્યાએ વૃક્ષોપર, કેબલ લાઇનો કે વીજળીના તાર પર મોટા જથ્થામાં દોરી વીંટળાયેલા હોય તેવા દ્વારા પણ પક્ષીઓ ઘાયલ થાય છે. તો આવી દોરી શકય હોયતો વહેલી તકે બાળકો તથા વાલીઓના સહકારથી દૂર કરી તેનો નાશ કરવો જરૂરી છે. તે બાબત અગ્રતા આપવા વિનંતી.

૩) પોતાના વિસ્તારમાં પક્ષીઓ ઘાયલ થાય તો તેની સારવાર થાય તે માટે વન વિભાગ ના ફોન નંબર 0૨૬૧-૨૭૩૩૮૩૧ તથા અન્ય સેવાભાવી સંસ્થા ઓનો સંપર્ક સાધવો તથા ચાલુ વર્ષે સરકાર શ્રી તરફથી સુરત જિલ્લામાં મહાનગરપાલીકા વિસ્તારમાં-૨ એનીમલ એમ્બુલસ કાર્યરતકરવામાં આવેલ છે. જેનો હેલ્પલાઇન નંબર-૧૯૬૨ છે. જેનો સંપર્ક કરવો. જેથી અબોલ પક્ષીઓને બચાવી શકાય.

૪) ગુજરાત સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગર દ્વારા પત્રાંક વિ-૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/હા.કો.૨/પા,ફા, તા, ૨૬-૧૨-૧૭ થી જણાવ્યા મુજબ નામદાર ગુજરાત હાઇકોર્ટના રીટપીટીશન/પી.આઇ.એલ નં ૨૫૩/૨૦૧૬ ના તા.

( પાછળ)

૧૩-૧-૨૦૧૭ ના હુકમથી ચાઇનીઝ માંઝા, નાયલોન/પ્લાસ્ટિક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનીકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનીકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકેલ છે. તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા જણાવેલ છે. તેમજ 'સ્કાય લેન્ટર્ન' (ચાઇનીઝ તુક્કલ) હવામાં ઉડાડવાથી જાહેર જનતા, પશુ-પક્ષી, જાહેર-ખાનગી માલ મિલકતો કે પર્યાવરણ ને નુકશાન તથા આગ લાગવાના બનાવો બનતા હોય છે. જેથી તેને હવામાં ઉડાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. તેની સૌ વિદ્યાર્થીઓ – વાલીઓને જાણ કરવા વિનંતી.

ઉપરોકત જાણકારી વિદ્યાર્થીઓને થાય તે માટે બહોળી પ્રસિધ્ધી માટે તમામ શાળાઓમાં જાણકારી આપવા વિનંતી છે.

નાયબ વનસંરક્ષક,
સામાજીક વનીકરણ વિભાગ,
સુરત.

સવિનય નકલ રવાના:-

સુરત,
આચાર્યશ્રી, તમામ,
ન.પ્રા.શિ. સમિતિ, સુરત.

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત તમામ શાળાના આચાર્યશ્રીઓને ઉપરોક્ત પરિપત્રનો અમલ કરવા જણાવવામાં આવે છે.

ઈ/ચા. શાસનાધિકારી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત